INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.incgujarat.com • E-mail : gpcc1234@gmail.com

અખબારી યાદી | તા : ૨૮-૦૫-૨૦૨૬

- **સી.બી.એસ.ઈ. પરિણામ ગોટાળો: લાખો વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે ખેલ, મોદી સરકાર જવાબ આપે.**
- **લાખો વિદ્યાર્થીઓનું ભવિષ્ય જોખમમાં મુકનાર સી.બી.એસ.ઈ. પરિણામ કૌભાંડ પર દેશ જવાબ માંગે છે.**
- **નામ બદલાયું, કારનામું નહીં: COEMPT-સી.બી.એસ.ઈ. ઘોટાળાની ન્યાયિક તપાસ કરો:ડૉ. મનીષ દોશી**

સી.બી.એસ.ઈ. પરીક્ષા પરિણામોમાં થયેલી ગંભીર ગોટાળા – ગેરરીતી - ગોલમાલ અને દેશના લાખો વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે થયેલા ચેડા અંગે કેન્દ્રીય શિક્ષણ મંત્રીશ્રી ના રાજીનામાંની માંગ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનીષ દોશીએ જણાવ્યું હતું કે, દેશભરના લાખો વિદ્યાર્થીઓ અને તેમના માતા-પિતા આજે માનસિક આઘાતમાં છે. વર્ષો સુધી મહેનત કરનાર વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે બેદરકારીપૂર્વક રમત કરવામાં આવી છે. છતાં કેન્દ્ર સરકાર અને વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી મૌન ધારણ કરીને બેઠા છે ન કોઈ જવાબદારી, ન કોઈ સંવેદના, ન કોઈ સ્પષ્ટતા. સી.બી.એસ.ઈ જેવી રાષ્ટ્રીય સંસ્થાની પરીક્ષા પ્રક્રિયા અને પરિણામ વ્યવસ્થાપનની જવાબદારી COEMPT નામની કંપનીને સોંપવામાં આવી. આ જ કંપની અગાઉ Globarena નામથી તેલંગાણામાં વર્ષ 2019 દરમિયાન ગંભીર વિવાદોમાં ઘેરાઈ ચૂકી છે. નામ બદલાયું હશે, પરંતુ કામ કરવાની રીત અને બેદરકારી એ જ રહી છે. સૌથી ગંભીર બાબત એ છે કે આ સમગ્ર ઇતિહાસ જાણીતા હોવા છતાં આવી કંપનીને દેશના આશરે 18.5 લાખ વિદ્યાર્થીઓનું ભવિષ્ય સોંપવામાં આવ્યું. શું સી.બી.એસ.ઈ.એ કંપનીનો રેકોર્ડ ચકાસણી કરી છે કે નહિ ? શું નિયમો અને પ્રક્રિયાઓનું પાલન થયું હતું? કે પછી કોઈ રાજકીય દબાણ અને ગોઠવણ હેઠળ આ કોન્ટ્રાકટ આપવામાં આવ્યો?

દેશ આજે કેટલાક મહત્વપૂર્ણ સવાલોના જવાબ માંગે છે. COEMPTને સી.બી.એસ.ઈ.નો ઠેકો કોના દબાણ અથવા ભલામણથી આપવામાં આવ્યો? ટેન્ડર પ્રક્રિયામાં કયા નિયમો અને માપદંડોને અવગણવામાં આવ્યા? Globarenaના પૂર્વ વિવાદોની માહિતી હોવા છતાં સી.બી.એસ.ઈ. અને શિક્ષણ મંત્રાલય મૌન કેમ રહ્યા? COEMPTના સંચાલકો અને મોદી સરકાર વચ્ચે શું સંબંધ છે? લાખો વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે ખેલ કરનાર જવાબદાર અધિકારીઓ સામે કાર્યવાહી ક્યારે થશે? ભારતમાં કુલ 33,100થી વધુ સી.બી.એસ.ઈ. શાળાઓ છે અને ગુજરાતમાં જ 329થી વધુ સી.બી.એસ.ઈ. શાળાઓ કાર્યરત છે. ધોરણ 10 અને 12ના મળીને આશરે 44.70

લાખ વિદ્યાર્થીઓ માટે આ સમય અત્યંત નિર્ણાયક હોય છે. આવા સમયમાં સિસ્ટમની નિષ્ફળતા અને ગેરવ્યવસ્થા વિદ્યાર્થીઓમાં નિરાશા, માનસિક તણાવ અને અવિશ્વાસ ઊભો કરે છે. સી.બી.એસ.ઈ. બોર્ડના વિદ્યાર્થીઓ સતત ઓન સ્ક્રીન માર્કિંગ (OSM) પર સવાલો ઉઠાવી રહ્યા છે. વિદ્યાર્થીઓનું કહેવું છે કે OSM ના કારણે તેમનું પરિણામ બગડી ગયું છે. વિદ્યાર્થીઓની ઉત્તરપત્રિકા ચકાસનાર શિક્ષકે પણ જણાવ્યું કે તેમને અંદાજ હતો કે કૉપીઓ યોગ્ય રીતે ચકાસાઈ રહી નથી અને આગળ જઈને સમસ્યા થવાની જ હતી.

કૉપી ચેકિંગ દરમિયાન તેમને અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો, જેમ કે, ઘણા વિદ્યાર્થીઓની સ્કેન કરેલી કૉપીઓ ધૂંધળી હતી, કેટલાક પાનાં ગાયબ હતા સ્ટેપ માર્કિંગ યોગ્ય રીતે ન થતાં ગુણ ઓછા મળ્યા. સિસ્ટમએ લખેલા જવાબવાળા પાનાને ખાલી (બ્લેન્ક) બતાવ્યો. કૉપી ચકાસનાર શિક્ષકોને માત્ર 7 દિવસની ટ્રેનિંગ આપવામાં આવી હતી.

કોંગ્રેસ પક્ષ સ્પષ્ટપણે માંગ કરે છે કે, સમગ્ર મામલાની તાત્કાલિક સ્વતંત્ર ન્યાયિક તપાસ કરવામાં આવે. સુપ્રીમ કોર્ટના નિવૃત્ત ન્યાયાધીશની દેખરેખ હેઠળ SITની રચના કરવામાં આવે. જવાબદાર અધિકારીઓ અને કંપની સામે ફોજદારી કાર્યવાહી કરવામાં આવે. અસરગ્રસ્ત વિદ્યાર્થીઓને સમયબદ્ધ ન્યાય અને પારદર્શક સુધારાની ખાતરી આપવામાં આવે. કોંગ્રેસ પક્ષ દેશના વિદ્યાર્થીઓને વિશ્વાસ અપાવીએ છીએ કે તેમની મહેનત, તેમના સપનાઓ અને તેમના ભવિષ્યની ચોરી કોઈને કરવા દેવામાં આવશે નહીં. વિદ્યાર્થીઓનો અવાજ દબાવી શકાશે નહીં. યુવાનોના ભવિષ્ય સાથેનો આ ખેલ દેશ ક્યારેય માફ નહીં કરે.

( ડૉ. મનિષ એમ. દોશી )
મીડિયા કન્વીનર અને પ્રવક્તા